ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

વંદે માતરમ્ - આઝાદીના અમૃત વર્ષની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રાંગણમાં ૧૦૦ ફુટ ઉંચાઈ રાષ્ટ્રધ્વજ ફરકાવાયો છે... ૩૦ ટ ૨૦ ફુટ સાઈઝનો તિરંગો ગાંધીનગરના આકર્ષણમાં વધારો કરશે... ગુજરાતની ૭૫ યુનિવર્સિટીઓમાં રાષ્ટ્રીય તિરંગો લહેરાવાના આયોજનના પ્રથમ ચરણે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી... આ પ્રસંગે પૂર્વ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કુલપતિ હર્ષદભાઈ પટેલ તથા શિક્ષણ સચિવ એસ. જે. હૈદર સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા...

શહેરમાં સિઝનનો ૨૦ ઈંચ વરસાદ, સાંજના વરસાદી છાંટણા વરસ્યા

શુક્રવારે મોડી સાંજે બે ઇંચ વરસાદથી સેક્ટરોમાં પાણી પાણી શહેર વરસાદી સમસ્યાઓથી ઉભરાયુ : સેક્ટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી સમસ્યાઓનો ઢગ ખડકાયો : સેક્ટરવાસીઓ પરેશાન

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં ગઈકાલે સાંજે ઝરમરિયા વરસાદના અંતે મેઘરાજા ધોધમાર વરસતા સેકટરો વરસાદી પાણીમાં ધમરોળાયા હતા. શહેરમાં બે ઈંચ વરસાદના લીધે ચોમેર વરસાદી પાણી ઉભરાતુ નજરે પડયુ હતુ. શહેરમાં આજે પણ સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા વરસાદી છાંટણાના અંતે ભીંજારાનો માહોલ સર્જાયો હતો. શહેરમાં સિઝનનો કુલ વરસાદ ૫૦૩ મી મી જેટલો થયો છે. જે સરેરાશ વરસાદની સાપેક્ષમાં ૬૨ ટકા જેટલો છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઘેરાયેલા વરસાદી વાદળો વચ્ચે ઝરમરિયો વરસાદ વરસતા નગરજનો વિચિત્ર મોસમના અહેસાસ વચ્ચે આકરા ઉકળાટ સાથે બેચેની અનુભવી રહ્યા હતા રોજબરોજ આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળો મનભરીને ન વરસતા વાતાવરણમાં વધતા ભેજના પ્રમાણની સાથે બફારાનુ જોર પણ વધ્યુ હતુ. શુક્રવારે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણના અંતે સાંજના સમયે આકાશમાં કાળા ડીબાંગ વરસાદી વાદળો ઘેરા બન્યા હતા. સાંજના સમયે ઝરમરિયો વરસાદ વરસ્યો હતો જયારે મોડીસાંજ બાદ અચાકન જ ધોધમાર વરસાદ તુટી પડતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં ઠેર ઠરે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. શહેરના મુખ્યમાર્ગો પર પણ નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા જયારે ઘ-૪ પાસે સ્થિત અન્ડર પાસમાં પણ વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ હતુ. સાંજના સમયે ભારે વરસાદના લીધે વાહનચાલકો પણ માર્ગ વચાળે અટવાયા હતા. વરસાદી વાયરાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી એક કલાકમાં જ શહેરમાં ૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. સેકટરોના આંતરિક વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાતા વાહનચાલકો રાત્રિના સમયે અટવાયા હતા. સતત અડધો કલાક સુધી ધોધમાર વરસતા વરસાદના લીધે સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. જયારે આજ સવારે વાદળિયા વાતાવરણના અંતે વરાપ નિકળ્યો હતો. દિવસ દરમિયાન આકાશ ચોખ્ખુ રહ્યુ હતુ જયારે સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા જેના અંતે સાંજના સમયે ઝરમરિયો વરસાદ વરસ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

હીરાબાની રાષ્ટ્રભક્તિ : ૧૦૦ વર્ષની વયે દેશભક્તિનું ઉદાહરણ પુરૂ પાડ્યું

નાના બાળકોને તિરંગાનું વિતરણ કરીને દેશભક્તિની અનોખી મિશાલ રજૂ કરી

ગાંધીનગર, તા. ૧૩

પાટનગરમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશભરમાં હર ઘર તિરંગા અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબાએ પણ રાયસણ સ્થિત નિવાસસ્થાને તિરંગો લહેરાવી ૧૦૦ વર્ષની જૈફવયે દેશભક્તિની અનોખી મિશાલ રજૂ કરી હતી. હીરાબાએ ગુડા વસાહતમાં રહેતા બાળકોને પણ તિરંગાનું વિતરણ કરીને દેશભક્તિની અનેરી રાહ ચીંધી હતી. હિરાબાએ ગાંધીનગર સ્થિત પોતાના ઘરમાં તિરંગો લહેરાવ્યો હતો. દેશ જ્યારે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે ત્યારે તેના ભાગરૂપે 'હર ઘર તિરંગા' અભિયાનમાં હીરાબા પણ સામેલ થયા હતા. હીરાબા સાથે તિરંગો લહેરાવતા બાળકો પણ ગેલમાં આવી ગયા હતા.

જિલ્લામાં પાંચ વર્ષમાં ૧૧ ટકા મતદારો વધ્યા

સૌથી વધુ ગાંધીનગર (દ) બેઠક પર વધ્યા તો સૌથી ઓછા માણસામાં મતદારો વધ્યા : રાજકીય સમીકરણો પણ બદલાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૧ ટકા મતદારો વધ્યા છે. ૨૦૧૭માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૧,૭૫,૫૯૪ હતી. જયારે ૧૨મી ઓગષ્ટે નોંધાયેલા મતદારોના સંકલિત મુસદા પ્રમાણે નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૩,૦૯,૯૫૩ છે.

છેલ્લા પાંચ વર્ષમાં ૧,૩૪,૩૫૯ મતદારો નવા નોંધાયા છે. જેમાં સૌથી વધુ મતદારોનો વધારો ગાંધીનગર (દ) બેઠકમાં થયો છે. ગાંધીનગર(દ) વિધાનસભા મતવિસ્તારનો છેલ્લા પાંચ વર્ષમાં જે વિકાસ થયો છે તેને લઈ મતદારોમાં મોટો વધારો જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં મતદારોની વૃદ્ધિ સાથે સાથે રાજકીય ગણિતોમાં પણ બદલાવ આવ્યો છે. ગાંધીનગર શહેરનું હવે બે ધારાસભ્યો પ્રતિનિધિત્વ કરશે. ગાંધીનગર(દ) ના ૧૭ જેટલા ગામો ગાંધીનગર શહેરમાં ઉમેરાયા છે. આ સાથે જ જિલ્લાના રાજકારણના રાજકીય સમીકરણોમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં નવા સીમાંકન પછી પાંચ બેઠકો બની હતી. હવે પછી થનારા સીમાંકનમાં પણ બેઠકો વધશે પરંતુ તે ૨૦૩૦માં અમલી બનશે. ૨૦૨૧ની વસ્તી ગણતરી થઈ શકી નથી અને ૨૦૨૨ પણ હવે પૂર્ણતા તરફ આગળ વધી રહ્યુ છે એટલે સીમાંકન નવુ ક્યારે થશે તે ખબર નથી.

૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી વખતે જિલ્લામાં ૧૩૪૨ પોલિંગ સ્ટેશન હતા પરંતુ હમણાં જ જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લામાં હવે વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે ૧૩૫૦ મતદાન મથકોની સૂચિ જાહેર કરતા જાહેરનામા પ્રસિદ્ધ થયા છે. આમ ૮ નવા મતદાન મથકો આગામી સામાન્ય ચૂંટણીમાં વધશે.

૨૦૧૭ની તુલનામાં દહેગામમાં ૧૬,૮૯૫ મતદારો, ગાંધીનગર(૯)માં ૫૯,૦૬૭ મતદારો, ગાંધીનગર (૭)માં ૧૯,૭૯૦ મતદારો, માણસામાં ૧૫,૪૮૧ મતદારો અને કલોલમાં ૨૩,૧૨૬ નવા મતદારો ૨૦૨૨માં ઉમેરાયા છે.

૨૦૨૨ની સામાન્ય ચૂંટણી પૂર્વે નવા મતદારોની નોંધણીમાં મહિલા મતદારોની સંખ્યામાં પણ વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

મતદારયાદી એ સામાન્ય ચૂંટણી માટેનું પ્રથમ પગથિયું છે. હવે ૧લી ઓક્ટો.ના રોજ મતદારયાદી પ્રસિદ્ધ થવાની છે અને તે પૂર્વે ૧૨મી ઓગષ્ટથી ખાસ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આથી રાજકીય પક્ષોએ તેની સક્રિયતા અને સતર્કતા વધારી દીધી છે.

કેટલાક આગેવાનોએ તો ચાર રવિવાર જે ખાસ ઝુંબેશ માટે નિયત કરવામાં આવ્યા છે તેને લઈ ખાસ સંદેશાઓ સોશ્યલ મિડિયામાં ફરતા પણ કરી દીધા છે.

જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીને લઈ હાલ તંત્રએ અને રાજકીય પક્ષોએ તેમની પ્રાથમિક કવાયતો ધીમી ગતિએ આરંભી દીધી છે. દિપાવલી પર્વ પછી જિલ્લામાં રાજકીય ધમધમાટ વધી જશે.

સંક્રમણ સ્થિર : ગ્રામ્યમાં નવા ૨૭ અને શહેરમાં ૯ નવા કેસ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧, ગાંધીનગરમાં ૪, માણસામાં ૮ અને કલોલમાં ૧૪ કેસ નોંધાયા છે. : શહેરમાં આજે પેથાપુર ગામેથી ૩ કેસ ઉપરાંત કુડાસણ, વાવોલ, સરગાસણ, સે. ૧૦, ૧૬ અને સે. ૬માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે દિવસના ઘટાડા બાદ આજે ઉછાળો નોંધાયો છે. ગ્રામ્યવિસ્તારમાં આજે નવા ૨૭ કેસ અને શહેરમાં નવા ૯ કેસ નોંધાયા છે.

પર્વો અને મેળાના માહોલ વચ્ચે લોકો ટેસ્ટીંગ કરાવવા ઓછા બહાર આવે છે. જોકે તંત્રએ સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત વેક્સિનેશન અભિયાનને સઘન રીતે હાથ ધર્યુ છે.

જિલ્લામાં આ ચોથી લ્હેર દરમ્યાન કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે અને વધુ ને વધુ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે. શહેર-જિલ્લામાં પોઝીટીવીટી રેટ પણ સતત ચડ-ઉતર થતો જોવા મળી રહ્યો છે તે ચિંતાનો વિષય છે.

શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશનથી કોરોના વિસ્તરી રહ્યો છે એટલુ જ નહિ અગાઉની લ્હેરોમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે અને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તાર સુધી તે પ્રસર્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દી અને ૨ દર્દી ૬૦થી વધુ વયના નોંધાયા છે.

શહેરમાં આજે પેથાપુર ગામેથી ૩ કેસ ઉપરાંત કુડાસણ, વાવોલ, સરગાસણ, સે. ૧૦, ૧૬ અને સે. ૬માંથી કેસ મળી આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે ૧૫૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના નવા ૨૭ કેસ નોંધાયા છે. જેમાં ૧૧ મહિલા દર્દી, ૪ દર્દી ૧૫ વર્ષ કે તેથી ઓછી આયુ ધરાવતા, ત્રણ દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવતા નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧, ગાંધીનગરમાં ૪, માણસામાં ૮ અને કલોલમાં ૧૪ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકામાં દહેગામ શહેરમાં એક કેસ નોંધાયેલ છે.

ગાંધીનગર તાલુકામાં લવારપુર, બી.એસ.એફ. કેમ્પસ, ઉનાવા અને કરાઈ ગામેથી કેસ મળી આવેલ છે.

કલોલ તલુકામાં કલોલ શહેરમાં ૪, સઈજમાં ૩, ડાભલામાં ૨ ઉપરાંત વડસર, કારોલી, રાંદોલી, રાંચરડા, આરસોડિયા ગામેથી કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાં માણસા શહેરમાંથી પાંચ ઉપરાંત અંબોડ, અમરાપુર, ધોળાકુવા ગામેથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસો સાથે જિલ્લામાં ૧૬૫ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં તંત્રએ ૮૨૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

શહેરનું વાતાવરણ આજકાલ ખુબ જ રમણીય બની ગયું છે... ઝરમર વરસદા વરસાદની વચ્ચે પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે... પ્રકૃતિનો અદભૂત નજારો આંખોને ઠારી રહ્યો છે... આકાશમાં વારંવાર ઉમટી આવતા કાળાડિબાંગ વાદળો સાથે પ્રકૃતિ જાણે અદભૂત ચિત્રકારી કરી રહી છે... લીલાછમ વૃક્ષો, હરીયાળુ ઘાસ અને વરસતો વરસાદ શહેરને એક અલગ જ આભા બક્ષી રહ્યું છે...

વરસાદી પેટર્નમાં બદલાવ જોવા મળ્યો અને વરસાદી દિવસો આ વેળાએ વધ્યા

૨૦૧૭માં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો : જિલ્લામાં ૧૩મીની સવાર સુધીમાં સિઝનનો ૬૫ ટકા વરસાદ નોંધાયો પણ સાબરમતી અને સે. ૧માં તળાવ હજુ ભરાયેલુ જોવા નથી મળ્યુ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં વરસાદી પેટર્નમાં આ વખતે બદલાવ સાથે વરસાદી દિવસોમાં વધારો જોવા મળ્યો છે. ૨૦૧૫ થી લઈ આ વર્ષે નોંધાયેલો સિઝનનો આ વરસાદ જુના દિવસોની યાદ કરાવે છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૭માં ચોમાસાનો રંગ કંઈક જુદો જ જોવા મળ્યો હતો. એ વખતે ૧૩મી ઓગષ્ટના રોજ સવારે ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં સરેરાશ ૯૯૦ મી.મી. વરસાદ નોંધાયો હતો અને ટકાવારીના સાપેક્ષમાં જોઈએ તો ૧૩૩.૯૦ ટકા વરસાદ નોંધાયો હતો. એ વર્ષે દહેગામમાં ૮૪૯ મી.મી., ગાંધીનગરમાં ૭૭૨ મી.મી., કલોલમાં ૧૪૬૮ મી.મી. અને માણસામાં ૮૭૦ મી.મી. વરસાદ નોંધાયો હતો.

૨૦૧૫માં જિલ્લામાં ૧૩ ઓગષ્ટની સવારના ૬ વાગ્યા સુધીમાં સરેરાશ ૫૬૩ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૭૬.૯૫ ટકા હતો.

૨૦૧૬માં જિલ્લામાં સરેરાશ ૪૬૩ મી.મી. વરસાદ આ દિવસ સુધીમાં નોંધાયો હતો અને ટકાવારીના સાપેક્ષમાં જોઈએ તો ૬૨.૭૧ ટકા વરસાદ નોંધાયો હતો.

૨૦૧૮માં જિલ્લામાં સરેરાશ ૧૫૧ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૧૯.૨૭ ટકા હતો.

૨૦૧૯માં જિલ્લામાં ૧૩મી ઓગષ્ટના સવારના ૬ વાગ્યા સુધીમાં સરેરાશ ૪૪૭ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૫૮.૦૮ ટકા જેટલો છે.

૨૦૨૦માં જિલ્લામાં સરેરાશ ૪૫૨ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૫૭.૮૧ ટકા જેટલો છે.

૨૦૨૧માં જિલ્લામાં સરેરાશ ૧૯૮ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૨૫.૮૩ ટકા હતો.

૨૦૨૨માં એટલે કે ચાલુ વર્ષે જિલ્લામાં આજ સવાર સુધીમાં સરેરાશ ૪૯૭ મી.મી. વરસાદ નોંધાયો છે જે ટકાવારીના સાપેક્ષમાં ૬૫.૩૪ ટકા જેટલો છે.

આમ છેલ્લા ૮ વર્ષનો રેકર્ડ જોતાં જિલ્લામાં ચોમાસુ ઓગષ્ટમાં ગિયર બદલતુ હોય તેવુ નોંધાયુ છે. ઓગષ્ટમાં સારો વરસાદ થતો હોય છે. આ વખતે જિલ્લામાં અગાઉ ખંડીય વૃષ્ટિનો અનુભવ થયો હતો પરંતુ છેલ્લા થોડાક દિવસોથી વરસાદ સાર્વત્રિક નોંધાઈ રહ્યો છે.

જિલ્લામાં ગઈકાલે એક જ દિવસમાં સિઝનનો ૮ ટકા જેટલો વરસાદ પડી ગયો. ગઈકાલે અર્થાત્ ૧૨મી ઓગષ્ટના રોજ જિલ્લામાં ૨॥ ઈંચ વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં ગઈકાલે સૌથી વધુ વરસાદ માણસામાં ૪ ઈંચ નોંધાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

નેશનલ લોક અદાલતમાં મોટર અકસ્માતના કેસોમાં ૧.૯૦ કરોડનુ વળતર ચુકવી સમાધાન

ગાંધીનગર તા ૧૩

રાષ્ટ્રીય કાનુની સેવા મંડળના આદેશ અન્વયે ગાંધીનગર કોર્ટમાં નેશનલ લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ લોકઅદાલત દરમિયાન મોટર અકસ્માતના વળતર કેસમાં રૂ ૧.૯૦ કરોડનુ વળતર ચુકવી વિવિધ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળના આદેશ મુજબ ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તેમજ પેટ્રોન ઈન ચીફ શ્રી અરવિંદકુમાર તેમજ કાર્યકારી અધ્યક્ષ સોનિયાબેન ગોકાણીના માર્ગદર્શન હેઠળ તા ૧૩ ઓગષ્ટના રોજ જિલ્લા તેમજ તાલુકાઓની તમામ અદાલતમાં લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. નેશનલ લોક અદાલતમાં પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ જે આર શાહ તેમજ સચિવ વી એસ ગઢવીના પ્રયાસથી કેસોનુ ઝડપથી નિરાકરણ લાવવામાં આવ્યુ હતુ. આ લોકઅદાલત દરમિયાન મોટર અકસ્માત વળતર કેસમાં અરજદાર દ્વારા સમાધાનની વાતચીતના અંતે રૂ ૩૫ લાખ ઉપરાંત અન્ય એક

● અનુસંધાન પાન-૭ પર

લોક અદાલતમાં અકસ્માતના કેસમાં ઐતિહાસિક સમાધાન

ગાંધીનગર કોર્ટ ખાતે આજે નેશનલ લોક અદાલત યોજવામાં આવી હતી. જેમાં મોટર અકસ્માતના ઘણાં કેસમાં સમાધાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન વકીલ જી કે ચંપાવત દ્વારા પિયુષભાઈ પટેલના અક્સ્માતનો કેસ પણ રજુ કરાયો હતો. ગંભીર ઈજાના આ કેસમાં વળતર અરજી દાખલ કરવામાં આવી હતી. જયારે આ કેસ સંદર્ભે રૂ ૭૫ લાખમાં સમાધાન થયુ હતુ. ઈજાના કેસમાં આટલી મોટી રકમનુ સમાધાન દેશમાં સૌથી ઐતિહાસિક કિસ્સો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ કેસમાં વીમા કંપની તરફેના અરજદાર તરીકે વકીલ એમ જે પરીખે હાજરી આપી હતી. જયારે ટુંકાગાળામાં લોક અદાલતમાં સમાધાન કરીને ચુકાદો આપવામાં આવ્યો હતો. ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ એસ ગોહીલે પણ કોઈ પક્ષકારની હાર નહીં કોઈની જીત નહીંના અભિગમ સાથે લોકઅદાલત દરમિયાન પ્રોત્સાહક બળ પુરુ પાડયુ હતુ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com